**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૪૬ ટકા

# શહેરના બાગ-બગીચાઓ ખુલતાં બાળકો ખુશખુશાલ

## કોરોનાના કેસ ઘટતાં છુટછાટ મળી : બાગ-બગીચાઓ ખુલતા ઘરમાં ઘણા સમયથી બંધ રહેલા બાળકોને હરવા ફરવાનું નવું સ્થળ મળ્યુ

ગાંધીનગર, તા.૧૦

સરકારે બાગ-બગીચાઓ અને અન્ય હરવા ફરવાના સ્થળો ખોલવાની પરવાનગી આપતા બાળકો ખુશખુશાલ બન્યા છે. ગાંધીનગર શહેરના બગીચાઓ ખુલતા બાળકોને હરવા ફરવાનું નવું સ્થળ મળી ગયું છે.

માર્ચ-એપ્રિલ માસમાં કોરોનાના કેસ વધતા સરકારે પ્રતિબંધો કડક બનાવ્યા હતા. હરવા ફરવાના સ્થળો, મંદિર અને બાગ-બગીચાઓમાં પ્રવેશ નિષેધ ફરમાવાયો હતો. વધુ લોકો એકત્ર થાય તેવા તમામ સ્થળો બંધ રખાતા લોકોને ફરજીયાત ઘરમાં રહેવું પડયું હતું.

જો કે મે મહિનાની શરૂઆતથી જ કોરોના કેસો ઘટતા સરકારે તબક્કાવાર છુટછાટો જાહેર કરી છે. જૂન મહિનામાં તો કોરોનાના કેસો સાવ ઘટી જતાં સરકારે ઘણા પ્રતિબંધો હળવા કરી દીધા છે. ગઈકાલે જ સરકારે પ્રતિબંધો હળવા કરતી નવી ગાઈડલાઈન બહાર પાડી છે. નવી ગાઈડલાઈન મુજબ હવે જાહેર સ્થળો, મંદિરો અને બાગ બગીચાઓ ખુલ્લા મુકાયા છે.

ગાંધીનગરના બગીચાઓ પણ આજથી ખુલી ગયા છે. છેલ્લા ઘણા મહિનાઓથી બંધ રહેલા બગીચાઓ ખુલતા બાળકો સૌથી વધુ આનંદિત બની ગયા છે. ઉનાળુ વેકેશન હમણાં જ પુર્ણ થયું છે પરંતુ કોરોનાના કારણે હરવા ફરવાના સ્થળો બંધ રહેતા બાળકોને ઘરમાં જ પુરાઈને રહેવું પડયું હતું. બાળકોને કમને ઘરમાં જ રહીને વેકેશન પસાર કરવું પડયું હતું. છેલ્લા ઘણા મહિનાઓથી ઘરમાં બંધ રહેલા બાળકો બગીચાઓ ખુલતા ખુશખુશાલ બન્યા છે. ઓનલાઈન શિક્ષણ હજુ ચાલુ હોવાથી બાળકોને ઘરમાં જ રહીને અભ્યાસ કરવો પડે છે. આખો દિવસ ઓનલાઈન શિક્ષણથી કંટાળેલા બાળકો સાંજના સમયે બગીચાઓમાં જઈને હળવાશ મેળવે છે. શારીરિક કસરતો અને રમતગમતમાં ભાગ લઈ માનસિક રીતે પ્રફુલ્લીત બને છે. જે હાલના સમયમાં ખુબ જ વધુ અગત્યતા ધરાવે છે. બાગ-બગીચાઓની સાથે અન્ય હરવા ફરવાના સ્થળો ખુલતા હવે પ્રવાસીઓની સંખ્યામાં વધારો થશે.






## જન્મદિને વધામણી



શ્વેતા શર્મા
મો. ૯૮૨૫૧ ૨૫૬૦૨



નવલસિંહ ગોહિલ
મો. ૭૮૭૮૯ ૯૫૦૫૦

# દિકરાની સારવાર માટે ગયેલા નિવૃત પીએસઆઈના ઘરમાં હાથફેરો

## દેવકૃપા રીધમ ફલેટમાંથી સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ.૧.૩૮ લાખ મત્તાની ચોરી

ગાંધીનગર, તા.૧૦

ન્યુ સરગાસણ વિસ્તારમાં આવેલા દેવકૃપા રીધમ ફલેટના બંધ મકાનમાંથી રૂ.૧.૩૮ લાખ મત્તાની ચોરી થવા પામી છે. દિકરાની બ્લેક ફંગસની સારવાર માટે નિવૃત પીએસઆઈ સિવિલ ખાતે રોકાયેલા હતા. તે સમયે તસ્કરોએ ઘરમાં ખાતર પાડ્યું છે. ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશી બેડરૂમમાં રહેલી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના સહિત રૂ.૧.૩૮ લાખ મત્તાની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા છે. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ચોર શખ્સોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ગાંધીનગર શહેરમાં ચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. રાત્રી કર્ફયુ અને નાઈટ પેટ્રોલીંગ વચ્ચે પણ ચોર શખ્સો ચોરીને અંજામ આપી પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગે છે. ત્યારે ગાંધીનગર શહેરને અડીને આવેલા રાંધેજા ગામના મુળ વતની અને સરગાસણ વિસ્તારમાં વર્ષ-૨૦૧૫થી દેવકૃપા રીધમ ફલેટ નં. સી.૧૦૪ ખાતે રહેતા સંજય ભલાભાઈ દેસાઈ (ઉં.૬૪) પોતાના પરિવાર સાથે રહે છે. ગત તા. ૨૪ મે ના રોજ સંજયભાઈના દિકરાને બ્લેક ફંગસ હોવાથી અમદાવાદ સિવિલ ખાતે ઈ-૮ વોર્ડમાં એડમીટ કર્યો હતો. જયા મારા દિકરાની બ્લેક ફંગસની સારવાર શરુ હતી. ફરીયાદી પણ દિકરાની સેવાચાકરીમાં હોસ્પિટલ હાજર હતા. ત્યારબાદ હોસ્પિટલ નજીક સંજય દેસાઈનું અસારવામાં ઘર હોવાથી પરિવારના મહિલા સભ્યોને પણ તા.૨૫ મે ના રોજ સવારે નવ વાગે અમદાવાદ બોલાવી દીધા હતા. જયારે સિવિલમાં દિકરા જીગ્નેશ સાથે તેઓ રહેતા હતા. જયારે જીગ્નેશને તા.૯.૬.૨૧ના રોજ અમદાવાદ સિવિલથી રજા આપતા તેને ગાંધીનગર દેવકૃપા રીધમ ફલેટ ખાતે સાંજના સુમારે લાવ્યા હતા. ફલેટ પર આવીને લોખંડની જાળીવાળો દરવાજો ખોલીને જોતા લાકડાના દરવાજાનો નકુચો કોઈ ચોર ઈસમે તોડી નાંખ્યો હતો. જયારે લોક દરવાજા પાસે જ નીચે પડ્યું હતું. ઘરમાં પ્રવેશ કરીને તપાસ કરતા બેડ રૂમમાં રહેલી તિજોરીના દરવાજા ખુલ્લા હતા અને સામાન વેર-વિખેર પડ્યો હતો. તિજોરીમાં રહેલા નીચેના બે ખાના બહાર પડ્યા હતા જેમાં દોઢ તોલાના સોનાના બંને હાથના કડા, બે કાનની સોનાની બુટ્ટી , સોનાની વીંટી નંગ બે, ૧૦ ગ્રામ ચાંદીના કિસ્સા નંગ-૯ તેમજ પગની ચાંદીની હેરો સહિતના દાગીનાની ચોરી થવા પામી હતી. દિકરાની સારવાર માટે ગયેલા નિવૃત પીએસઆઈના ઘરમાં ચોરી થતા ચકચાર મચી જવા પામી હતી. બનાવ અંગે સંજયભાઈ દેસાઈએ અડાલજ પોલીસ મથકે ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



# સિવિલમાં મ્યુકર માઈકોસિસના વોર્ડમાં પણ ગણતરીના દર્દીઓ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં કોરોનાનું સંક્રમણ ઘટતા નહીવત્ દર્દીઓ જોવા મળી રહ્યા છે.ત્યારે કોરોના બાદ મ્યુકર માઈકોસિસના દર્દીઓની સંખ્યા પણ નોંધપાત્ર વધી રહી હતી. પરંતુ છેલ્લા થોડા સમયથી કોરોના દર્દીઓની સંખ્યા એકદમ ઘટી જતા સિવિલની કોવીડ હોસ્પિટલના તમામ વોર્ડ બંધ કરી દેવામાં આવ્યા છે. જયારે નોન-કોવીડ દર્દીઓને આરોગ્યલક્ષી સેવાઓનો લાભ મળી રહે તે માટે નોન-કોવીડ વોર્ડ શરુ કરી દેવામાં આવ્યા છે. જયારે શહેરમાં કોરોનાની લ્હેર પૂર્ણ થયા બાદ મ્યુકર માઈકોસિસના દર્દીઓની સંખ્યા પણ સારી એવી માત્રામાં જોવા મળતા સિવિલ ત્તંત્ર દ્વારા તાત્કાલીક એક વોર્ડ શરુ કરી દેવાયો હતો.જયારે દર્દીઓની સંખ્યા વધતા બીજો વોર્ડ પણ તૈયાર કરાયો હતો. પરંતુ હાલના સમયે મ્યુકરના વોર્ડમાં પણ દર્દીઓની સંખ્યા નહીવત જોવા મળી રહી છે. હાલના સમયે આ વોર્ડમાં ગણતરીના દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.ત્યારે કોરોના અને મ્યુકર માઈકોસિસમાં દર્દીઓ ઓછા હોવાથી તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

# ગાંધીનગર જિલ્લાના વધુ ૬૦ આગેવાનો 'આપ'માં જોડાયાં







ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર ખાતે આજે આમ આદમી પાર્ટીના જિલ્લા એકમ દ્વારા દહેગામ તાલુકાની મિટિંગ યોજાઈ હતી જેમાં તાલુકાના જુદા જુદા ગામોના ૬૦ જેટલા આગેવાનો આપ પાર્ટીમાં જોડાયા હતા. આપમાં જોડાયેલા આગેવાનોમાં ભારતીય જનતા પાર્ટી તેમજ કોગ્રેસના આગેવાનોનો સમાવેશ થાય છે.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ તેમજ સુરત મહાનગરપાલિકામાં યશસ્વી દેખાવ કરીને ધ્યાન ખેંચવામાં સફળતા મેળવી છે હવે આમ આદમી પાર્ટી ગાંધીનગર જિલ્લામાં ભાજપ સાથે કોંગ્રેસની પણ ચિંતા વધારી રહી છે. તાજેતરમાં જ રાંધેજા ખાતે દોઢસોથી વધુ અગ્રણીઓ આમ આદમી પાર્ટીમાં જોડાયાં હતા અને હવે દહેગામ તાલુકામાંથી વધુ ૬૦ અગ્રણીઓ આજે આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. આ મિટિંગમાં ઝોન પ્રભારી શીવકુમાર ઉપાધ્યાય, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજભાઈ સોરઠીયા, પ્રદેશ સંગઠન મંત્રી હસમુખભાઈ પટેલ, જીલ્લા પ્રમુખ મુકેશભાઈ પટેલ સહિત અન્ય સ્થાનિક હોદ્દેદારો પણ ઉપસ્થિત હતા. દહેગામથી કમલેશ ત્રીવેદી તેમજ ભુપેન્દ્ર પટેલ ટીમના ૬૦ જેટલા આગેવાનો આમ આદમીમાં જોડાયા હતા. આમ આદમી પાર્ટી જે રીતે શહેરી વિસ્તાર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં પણ પોતાનો પગદંડો મજબૂત કરી રહી છે તે જોતાં આગામી સમયમાં ભાજપ તથા કોંગ્રેસ બન્ને માટે માથાનો દુ:ખાવો બની શકે છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા 'વિદ્યાનિકેતન' તરીકે માન્યતાપત્ર ઑનલાઈન એનાયત કરાયા



ગાંધીનગર, તા.૧૦

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરના વિદ્યાનિકેતન વિભાગ દ્વારા ગુજરાત રાજ્યની શાળાઓને વિદ્યાનિકેતન તરીકે માન્યતાપત્ર અર્પણ કરવાનો કાર્યક્રમ ઑનલાઈન યોજાયો હતો જેમાં ''પરિશ્રમ એકેડમી – માણાવદર, શ્રીમતી એસ.એચ.ગજેરા પ્રાથમિક શાળા – કતારગામ અને ઉત્રાણ, એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ – બારતાડ અને શ્રી સરસ્વતી વિદ્યામંદિર – અમરેલી'' એમ કુલ ૫ (પાંચ) શાળાઓને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના મા. કુલપતિ હર્ષદ પ્ર. શાહના હસ્તે વિદ્યાનિકેતન તરીકે માન્યતાપત્ર ઑનલાઈન અર્પણ કરવામાં આવ્યાં હતાં. હાલ ગુજરાતની ઉપરોક્ત પાંચ શાળાઓ મળીને કુલ ૬૦ શાળાઓને વિદ્યાનિકેતન તરીકેની માન્યતા અપાઈ છે. ઑનલાઈન માન્યતા અર્પણવિધિના આ કાર્યક્રમમાં ઉપરોક્ત પાંચેય શાળાના ટ્રસ્ટીશ્રીઓ અને પ્રતિનિધિઓ ઑનલાઈન માધ્યમથી હાજર રહ્યાં હતાં. કાર્યક્રમના સંચાલક તરીકે ડૉ. શિલ્પાબેન વાળાએ ભૂમિકા ભજવી હતી જયારે આભારવિધિ જયદેવ ધાંધિયા દ્વારા કરવામાં આવી હતી.

# શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા વાવાઝોડા અસરગ્રસ્ત વિસ્તારમાં પતરાં વિતરણની કામગીરી હાથ ધરાઈ

ગાંધીનગર, તા.૧૦

તૌકતે વાવાઝોડાથી અસરગ્રસ્ત ગીર સોમનાથ તથા અમરેલી જીલ્લામાં મોટી તારાજી સર્જાઈ હતી. વાવાઝોડાના બીજા જ દિવસથી શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ફૂડ પેકેટ અને રાશન કીટ વિતરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી જે અંતર્ગત કુલ ૩૪,૬૦૦ જેટલા ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત અસરગ્રસ્ત ગામડાઓમાં પતરાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ૨૫હજાર પતરાં વિતરણ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે જે માટે દાતાઓના સહયોગથી ટ્રસ્ટ દ્વારા આયોજન કરવામાં આવી રહ્યું છે જે અંતર્ગત ગીર ગઢડા તાલુકાના ગામડાઓમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવકોની મદદથી પતરાં વિતરણ શરૂ કરી દેવામાં આવ્યું છે જેની સાથે જ ભગવાન સોમનાથની પ્રસાદી સ્વરૂપે ચીક્કી પ્રસાદી પણ આપવામા આવી રહી છે. જે દાતાઓ પતરા વિતરણમાં સહયોગ આપવા ઈચ્છતા હોય તો એક પતરાં દીઠ રૂ.૬૦૦ લેખે દાનની રકમ તેઓ પેટીએમ અથવા ટ્રસ્ટનાં બેંક એકાઉન્ટમાં પોતાનું દાન જમા કરાવી શકશે તેવું શ્રી સોમનાથ ટ્રસ્ટની અખબારી યાદીમાં જણાવાયું છે.

# સેકટર-૨૧ હવેલી મંદિરે મંગળા, રાજભોગ તથા શયન દર્શનની વ્યવસ્થા

ગાંધીનગર સે-૨૧ ખાતે આવેલ હવેલી મંદિર શુક્રવારથી ખૂલી રહ્યું છે. જેમાં મંગળા દર્શન, રાજભોગ તથા શયન દર્શનની વ્યવસ્થા કરવામાં આવી છે. જો કે હવેલી મંદિરે ૫૦થી વધુ દર્શનાર્થીઓ એકત્રિત ન થાય તે અનુસાર સરકારની એસઓપીનું પાલન કરવા સાથે વૈષ્ણવોએ દર્શનનો લાભ લેવા માટે વૈષ્ણવોને ગાંધીનગર વૈષ્ણવ સમાજના પ્રમુખ ડો. પ્રદીપ ગગલાણી દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. પ્રજાપતિ કેશવલાલ નાથાલાલ,** ઉ.વ. ૮૮, સેકટર-૨૬
- **સ્વ. પરમાર પદમાબેન ભલાભાઈ,** ઉ.વ. ૫૫, સેકટર-૩
- **સ્વ. ચાવડા કોકીલાબેન ચંદુભાઈ,** ઉ.વ. ૫૮, સેકટર-૫
- **સ્વ. ધારીયા અમૃતભાઈ સખીયાભાઈ,** ઉ.વ. ૬૨, સેકટર-૩ ન્યુ
- **સ્વ. આચાર્ય હર્ષાબેન પ્રદિપભાઈ,** ઉ.વ. ૬૬, વાવોલ

● રૂદ્રભૂમિ ●

- **સ્વ. પંચાલ કમળાબેન ખોડીદાસ,** સેકટર-૨
- **સ્વ. કોઠારી કમલાદેવી જોધસિંહ,** ઉ.વ. ૮૧, કુડાસણ
- **સ્વ. પરમાર ચુનીલાલ દુધાભાઈ,** ઉ.વ. ૭૦, અડાલજ
- **સ્વ. શાહ લીલાવતીબેન ચંદુલાલ,** ઉ.વ. ૯૨, ગાંધીનગર

# ટુ વ્હીલર ધારકોનો એવરેજ સેટ કરવા ગેરેજ તરફ ધસારો

## પેટ્રોલ ૧૦૦ નજીક સરકતાં દૈનિક અવરજવરનો ખર્ચ સરભર કરવા પ્રયાસ, નોકરીનો સમય સાચવવા જતાં ટુ વ્હીલરનો ઉપયોગ કરતા ચાલકો આર્થિક મુસીબતમાં





ગાંધીનગર, તા.૧૦

વૈશ્વિક ક્ષેત્રે ક્રુડના ભાવમાં થયેલા તોતીંગ વધારાએ ઈંધણના ભાવ આસમાને પહોંચાડી દીધા છે. જેની સીધી અસર સામાન્ય માણસ ઉપર વધુ પડી છે. દૈનિક ટુ વ્હીલર લઈ નોકરીએ જતાં આવતાં ચાલકોને પેટ્રોલનો ખર્ચ દઝાડી રહ્યો છે. જેથી ટુ વ્હીલરની એવરેજ ઉપર ધ્યાન ન આપતાં આ ચાલકો હાલ ટુ વ્હીલર એક લિટર દીઠ વધુમાં વધુ એવરેજ આપે તેવું સેટીંગ કરવા ઓટો ગેરેજ તરફ વળ્યા છે. નોકરીનો સમય સાચવવા ટુ વ્હીલરનો ઉપયોગ કરતાં ચાલકોને હવે પેટ્રોલનો ખર્ચ વસમો લાગી રહ્યો છે અને ઘાટ કરતાં ઘડામણ જેવી સ્થિતિમાં આવી ગયા છે.

ગાંધીનગરથી લગભગ ૨૫ થી ૪૦ કિલોમીટરના એરીયામાં ટુ વ્હીલર લઈ નોકરીએ જતાં ચાલકોના ખિસ્સા પેટ્રોલના વધી ગયેલા ભાવથી ખાલી થવા માંડયા છે. આ વધેલા ભાવથી ટુ વ્હીલર ધારકો ગેરેજમાં એક લિટર પેટ્રોલમાં વધુમાં વધુ કિમી ટુ વ્હીલર ચાલે તેવું સેટીંગ કરાવી રહ્યા છે. નોકરીના સ્થળે જવા આવવા ખાનગી વાહનો અથવા રીક્ષા એક માત્ર વિકલ્પ છે ત્યાં ટુ વ્હીલર આર્શીવાદ રૂપ હતું અને સમય સાથે આર્થિક રીતે પરવડતું હતું. પરંતુ પેટ્રોલના અસહ્ય ભાવે આવક કરતાં જાવકનું પલ્લું ભારે કરી નાંખતા આ ચાલકો આર્થિક મુસીબતમાં મુકાઈ ગયા છે. દેશભરમાં વધેલા ઈંધણના ભાવે મધ્યમ વર્ગની કમર તોડી નાખી છે ત્યારે ભાવ જલ્દીથી કાબુમાં આવે તે માટે સરકાર પ્રયાસ કરે તે ઈચ્છનીય બન્યું છે.

# જે.એમ.પી. ગોપાલક વિદ્યા સંકુલના બાળકોનો ઓનલાઈન પ્રવેશોત્સવ ઉજવાયો




ગાંધીનગર, તા.૧૦

જે.એમ.પી. ગોપાલક વિદ્યા સંકુલ ખાતે પ્રાથમિક વિભાગના બાળકોનો ઓનલાઈન પ્રવેશોત્સવ આજરોજ ઉજવાયો હતો. જેમાં બાળકોએ દીપ પ્રાગટય અને સરસ્વતી માતાની પ્રાર્થના કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. પ્રાથમિક શિક્ષણમાં બાળકોનું ઘડતર અને સંસ્કારોનું સિંચન થાય છે આથી તેમનો શાળા પ્રવેશ શિક્ષણ અને સંસ્કારો માટે પાયારૂપ બની રહે તે માટે ઓનલાઈન કાર્યક્રમ દ્વારા શાળાના પ્રિન્સિપાલ મનિષભાઈ ખત્રી તથા સ્ટાફમિત્રોએ દ્વારા બાળકોને આવકારવામાં આવ્યા હતા. આ ઝુમ મિટીગમાં મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓએ જોડાઈને ઉત્સાહપૂર્વક પ્રવેશોત્સવ માણ્યો હતો.